# જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

જાહેરાત ક્રમાંક:/JuMC/૨૦૨૬-૨૭/૦૩/૪૮૪ જુનાગઢ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગના લીડીંગ ફાયરમેન, વર્ગ-૩, જગ્યા-૧૨ સીધી ભરતીથી ભરવા માટે https://jumc.gujarat.gov.in/ વેબસાઈટ પર તા.૩૦/૦૬/૨૦૨૬, ૧૪:૦૦ કલાક થી તા.૨૦/૦૭/૨૦૨૬, ૨૩:૫૯ કલાક સુધીમાં ઓન લાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે છે.

**જગ્યાનું નામ:- લીડીંગ ફાયરમેન, વર્ગ-૩, જગ્યા-૧૨**

**સીધી ભરતીથી જગ્યાઓ ભરવાનું માહિતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | જગ્યાનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | લીડીંગ ફાયરમેન, વર્ગ-૩ | ૧૨ |

૧. **શૈક્ષણિક લાયકાત:- લીડીંગ ફાયરમેન, વર્ગ-૩**

(૧) Possess : (i) (i) have passed the Higher Secondary School Certificate Examination conducted by a Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognised by the Government and

(ii) Possess a certificate of six months course of fireman from recognized institution of State of Central Government of Industrial Training Institute, Fireman Course or Driver cum Pump Operator Course, from the recognised institution of State or Central Government;

(૨) ગુજરાતી, હિન્દીનુ પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**ટેકનીકલ લાયકાત:-**

(૧) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાઇસન્સ ધરાવતા હોવા જોઇએ.

(૨) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.

(૩) **શારીરિક ક્ષમતાના ધોરણો:-**

**Appendix-A**

Minimum Physical Standards for the post of **Leading Fireman, Class-II,** in the subordinate service of the Junagadh Municipal Corporation.

A. For Male Candidates:

| Class | Minimum Height in Centimetres | Chest (Minimum in Centimetres) | | Minimum Weight |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated | |
| Scheduled Tribes candidate of Gujarat origin. | 160 | 81 | 86 | 50 Kg |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin). | 165 | 81 | 86 | 50 Kg |

Note: Minimum Expansion of Chest when inflated shall not be less than 5 centimetres.

B. For Female candidates:

| Class | Minimum Height in Centimetres | Minimum Weight |
|---|---|---|
| Scheduled Tribes candidate of Gujarat origin. | 156 | 40 Kg |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin). | 158 | 40 Kg |

C. Candidates having any of the following physical defects shall not be fit for the post, namely:
(I) Knock Knee, (II) Pigeon Chest, (III) Squint Eye, (IV) Flat Feet, (V) Varicose Veins, (VI) Hammer Tees, (VII) Fractured Limb, (VIII) Decayed Teeth, (IX) Communicable or (X) Skin Disease.

D. The Resident medical Officer shall examine the candidate and issue the certificate of Fitness taking into consideration the physical standards as mentioned above and also certify for the following matters namely:

S H A P E I means-
- S Psychological
- H Hearing
- A Appendage
- P Physical capacity for normal work
- E Eye sight

I Meant fit in all respects to perform normal professional functions under each of the above-mentioned heads.

Provided that the candidate with colour blindness defects shall be considered unfit for appointment.

૨. **પગાર ધોરણ**:-

(૧) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ તા.૧૮/૧૦/૨૦૨૩ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂા.૨૬૦૦૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે – મેટ્રિક્સ લેવલ-૪ સ્કેલ ૧૯૯૦૦-૬૩૨૦૦ નિયમીત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૩. **વયમર્યાદા**:- અરજી સ્વિકારવાની છેલ્લી તારીખનાં રોજ ૩૩ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ.

૪. **વયમર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે.**:-

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના પુરૂષ ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિક, ઈ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | "For appointment to any vacancy in class-3 and class-4 posts Gujarat Government, an Ex- Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ : ગુજરાત મુલ્કી સેવા અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં કોઈપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

૫. **અનામત જગ્યાઓની વિગત**:-

| ભરવાપાત્ર કુલ જગ્યા | બિન અનામત | | સા.શૈ.પ.વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | આ.ન.વ. | | માજી સૈનિક | દિવ્યાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | | |
| ૧૨ | ૫ | ૨ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |

- સરકારશ્રીની સ્થાયી પ્રવર્તમાન સુચનાઓ મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકીઅનુસુચિત જાતિ (S.C.), અનુસુચિત જનજાતિ (S.T.), સા.શૈ.પ.વર્ગ (S.E.B.C.), આ.ન.વ.(EWS) અનામત રાખવામાં આવશે.
- તદઉપરાંત (અ) માજી સૈનિક માટે જે-તે કેટેગરીમાં ૧૦ ટકા જગ્યાઓ અને (બ) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવશે.

- ઉપરોક્ત કેટેગરીનાં ઉમેદવારોને સરકારશ્રીના નિયમાનુસાર ઉંમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે.

**(૧) <u>દિવ્યાંગ ઉમેદવારો માટે</u> :-**

- દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની અનામત રાખેલ ૪ ટકા જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. દિવ્યાંગ વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
|---|---|---|
| A | અંધત્વ અને ઓછી દ્રષ્ટિ | - |
| B | બધીર અને ઓછુ સાંભળનાર | HH (40-70%) |
| C | મગના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રકતપીતમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | AAV |
| D | સ્વલીનતા, બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવવાની અક્ષમતા અને માનસિક બિમારી | ASD(M), SLD, MI, MD (B &C) |
| E | બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (a) (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | |
| **મોડરેટ એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકા કે તેથી ઓછી દિવ્યાંગતા** | | |

- દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં ચોકકસ માહિતી આપવાની રહેશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકા કે તેથી ઓછી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને જ દિવ્યાંગતાનો લાભ મળવાપાત્ર રહેશે શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) શ્રવણની ખામી (૨) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશકતતા છે તે સ્પષ્ટ દર્શાવવું.
- દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક:પરચ/ ૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-2 થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવીલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ આ અસલ પ્રમાણપત્ર નિમણૂંક અધિકારી/જુનાગઢ મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવામાં નહિ આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને દિવ્યાંગ ઉમેદવાર તરીકેનો લાભ મળવા પાત્ર થશે નહિ અને પસંદગી/નિમણૂંક રદ કરવામાં આવશે. દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારે ઓનલાઈન અરજીમાં અશક્તતા પ્રકાર, પ્રમાણપત્ર નંબર અને તારીખ યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાના રહેશે.
- દિવ્યાંગતાની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો શારીરિક અશક્તતાના કિસ્સામાં જે તે કેટેગરી માટે નિયમાનુસાર અનામત રાખવામાં આવેલ જગ્યાઓ સામે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તેવા કિસ્સામાં તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

**(૨) <u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ</u>:-**

(૧) મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુના "પરિશિષ્ટ–૪" મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૯/અ મુજબ "ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર" ની મહતમ અવધિ (Validity) ઈસ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૬) (ક) પરણિત મહિલા ઉમેદવારોએ એવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(૬) (ડ) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્રની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઇ ભુલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે છ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધી હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉકત માપદંડો પૈકી કોઇપણ માપદંડોમાં આવી અવધી દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છીક જાહેરાત સબંધિત ઉમેદવારને તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામાં આવે તો મહાનગરપાલિકા, જુનાગઢને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહી કરીને કોઇપણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમા ફેરફારની સ્વૈચ્છીક જાહેરાત કરવાની ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સયુકત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજી માં Annexure–KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર ના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્ર ઈસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.**(એટલે કે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીનું)** જો આ પ્રમાણપત્ર આ

સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગનાં ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છુટછાંટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.

(3) **<u>માજી સૈનિક ઉમેદવારો માટે</u>** :-

- માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.
- માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચુક મોકલવાની રહેશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૯/૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃઆરઇએસ/૧૦૮૫/૩૪૩૩/ગ-૨ ની જોગવાઇઓ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા પૈકી માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે નવી જગ્યાઓ અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૪) **<u>મહિલા ઉમેદવારો માટે</u>** : -

- જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે ૩૩ ટકા અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાય બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણાવાનું નથી, આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી પુરૂષ ઉમેદવાર માટે ઠરાવેલ મેરીટ ના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્વયે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવારો માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર, પુરૂષ ઉમેદવાર માટે ઠરાવેલ મેરીટના ધોરણે પણ પસંદગી પામી શકે છે.)
- મહિલા અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી (જનરલ, એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

(૫) **<u>વિધવા ઉમેદવારો માટે</u>** :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે **"હા"** અવશ્ય લખવું અન્યથા **"લાગુ પડતું નથી"** એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે **"હા"** અવશ્ય લખવું અન્યથા **"લાગુ પડતું નથી"** એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, અરજી સાથે પુનઃલગ્ન પુનઃલગ્ન કરેલ નથી તેવું એફીડેવિટ અચુક રજુ કરવાનું રહેશે.

(૪) વિધવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવામાં સસરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇપણ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે વિધવા ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે વિધવા બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરે તો તેની રજુઆત

મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને વિધવા મહિલા ઉમેદવાર તરીકેના લાભ આપવામાં આવશે.

૬. **ના વાંધા પ્રમાણપત્ર**:-

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ જુનાગઢ મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર ઓનલાઇન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિ-૭ માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ 30 દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. .

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું **"ના વાંધા પ્રમાણપત્ર"** રજુ કરવાનું રહેશે.

૭. **ગેરલાયક ઉમેદવાર**:-

જુનાગઢ મહાનગરપાલિકા કે અન્ય મહાનગરપાલિકા અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તક્ની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકીનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.

૮. **ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ**:-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તક ની કંપની કે બોર્ડ કોર્પોરેશન માંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે. નિમણૂંક મળ્યા બાદ આ બાબત ધ્યાન ઉપર આવશે તો નિમણૂંક રદ કરવામાં આવશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

૧. **નાગરિત્વ**:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ધ) ટીબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલા આવેલા હોવા જોઇએ અથવા

(ચ) મુળ ભારતની વ્યકિત હોયકે જે, ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પકિસ્તાન(બાંગલાદેશ), બર્મા(મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સયુકત પ્રજાસત્તાક ટાંઝાનિયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા અથવા વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ)(ગ)(ધ) અને (ચ) માં આવતા ઉમેદવારના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ :-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક જુનાગઢ મહાનગરપાલિકા વિચારણામાં લેશે અને જો નિમણૂંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિયમાનુસાર તેમનાં કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર ઉમેદવાર દ્વારા રજૂ કરવાની શરતે કામચલાઉ નિમણૂંક આપશે.

૨. **અરજીપત્રક**:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે તમામ મહિલા ઉમેદવારોએ રૂા.૩00/- અને બિનઅનામત

વર્ગના પુરૂષ ઉમેદવારોએ **રૂા.૬૦૦/-** અરજી ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જરૂરી આધારો રજુ કરવાના રહેશે. જે આધારો રજુ ન થયે તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૨) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૩) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યા અનામત ના હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૪) કોઈપણ સંજોગોમાં અરજી ફી પરત મળવા પાત્ર નથી.

(૫) **ભરવાપાત્ર કુલ જગ્યામાં જો કોઇ અનામત વર્ગના ઉમેદવારો માટેની જગ્યા ન હોય અને ફકત બિન અનામત વર્ગમાં જગ્યા હોય તેવા સંજોગોમાં અનામત વર્ગના તમામ ઉમેદવારોએ સામાન્ય વર્ગના ઉમેદવારની જેમ નિયત ફી ચુકવી ઉમેદવારી નોંધાવી શકશે.**

૩. **<u>જન્મ તારીખઃ</u>** –

૧. જુનાગઢ મહાનગરપાલિકા જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ.નું પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનુ ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે, તેઓએ એસ.એસ.સી. કે તેની પરિક્ષાનું મુળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ ............ છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરિક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતા જુદી છે. તથા માનવાને પુરતુ કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા લેવામાં આવશે.

૨. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઇ શકશે નહી.

૪. **<u>શૈક્ષણિક લાયકાત</u>**:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં જણાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થાની માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર) ની અસલ તથા સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૫. **<u>અગત્યની જોગવાઈઓ</u>**:-

(૧) સરકારી/અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મૂળ જગ્યાએથી રાજીનામું આપ્યા બાદ જ નિમણૂંકની જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબધ્ધ કરી શકાશે નહીં/ ગણતરીમાં લેવામાં આવશે નહી

(૨) **ફાઇનલ મેરીટ લિસ્ટ તૈયાર કરતી વખતે લેખીત પરીક્ષાના ૧૦૦% પરીણામ મુજબનું વેઇટેજ ગણવામાં આવશે.**

(૩) ઓનલાઇન અરજી કરતા ઉમેદવારોએ અરજી ફોર્મમાં ભરવામાં આવેલ માહીતી / વિગતોમાં કોઇ ભુલ કે ક્ષતી કરવામાં આવેલ હશે તો તે અરજી રદ ગણવામાં આવશે અને આ બાબતે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) એથલેટીક્સ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન,બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલિબોલ, ટેનિસ, વેઈટ લિફ્ટિંગ, રેસ્લિંગ, બોક્સિંગ, સાઈક્લિંગ, જીમ્નેસ્ટિક, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખો-ખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં (૧)રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સિટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરિક્ષામાં મેળવેલ કુલ ગુણના ૦૫ (પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫-૨-૧૯૮૦ ના ક્રમાંક: સી.આર.આર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧–૮-૧૯૯૦ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર/1188/ 3644/ગ.2માં નિયત કર્યા મુજબના સતાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતનાં ગુણ માટે હકદાર થશે.

(૫) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રો કાઢી આપનાર સંસ્થાની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે જુનાગઢ મહાનગરપાલિકાની પસંદગી સમીતીનો નિર્ણય આખરી ગણાશે. જે દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૬) ઉપરોકત જગ્યાઓમાં વધારો અથવા ઘટાડો કરવાનો અબાધિત અધિકાર/હકક કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢનો રહેશે.

## ૬. <u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપ છે જે સંપૂર્ણ નથી):-</u>

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેકસથી અથવા ઇ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય, અનુભવનુ પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

## ૭. <u>ગેરવર્તુણુંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૃધ્ધ પગલા:</u> –

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગત્તા

જણાય તો તે વિસંગત્તાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર મહાનગરપાલિકા દ્વારા દોષિત જાહેર થયેલ અથવા થાય તો,

૧. તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

૨. નામ બદલીને પરિક્ષા આપવી

૩. કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળકપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય

૪. બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય,

૫. અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય

૬. તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમીત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હયો

૭. કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય

૮. ઉતરવહીમાં અશલિલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય

૯. પરિક્ષા ખંડમાં કોઇપણરીતની ગેરવર્તણક આચરવી.જેવી કે, અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલીખીત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતીક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે

૧૦. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા પરિક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલ કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

૧૧. ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે સીધી અથવા આડકતરી રીતે જુનાગઢ મહાનગરપાલિકા પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકશે અને/અથવા

(ખ) તેને જુનાગઢ મહાનગરપાલિકા લે તેવી કોઇપણ પરિક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા લેવાનાર કોઇપણ પરિક્ષા કે પસંદગી માટે, અને

(૨) જુનાગઢ મહાનગરપાલિકા હેઠળની કોઇપણ નોકરીમાંથી મહાનગરપાલિકા દ્વારા ગેરલાયક ઠરાવી શકશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચીત નિયમો અનુસાર શિસ્તભંગના પગલા લઇ શકાશે.

૧૨. ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામા તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામુ/હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમયમર્યામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

૮. <u>લેખીત પરીક્ષા</u>:-

(૧) લેખીત પરીક્ષા ગુજરાત રાજયમાં કોઇપણ સેન્ટર ખાતે લેવામાં આવશે. ઉમેદવારે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે .

(૨) પસંદગી પામેલ/પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો નિયત થયેલ સમય મર્યાદામાં રજુ કરશે નહીં તો તેઓનું નામ પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી માંથી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૩) પ્રતિક્ષા યાદી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીએસસી/૧૦૮૯/ ૩૯૧૦/ગ-૨ તા.૨૭/૭/૨૦૧૮ની જોગવાઇઓ મુજબ અનુસરવામાં આવશે.

(૪) **આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.**

- સહી -

મ્યુનિસિપલ કમિશનર

મહાનગરપાલિકા, જુનાગઢ